# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

### સત્સંગ વિહાર - ૧ : પ્રેક્ટિસ પેપર - ૫

### જવાબપત્ર - ૫

સમય : ૨ કલાક
કુલ ગુણ : ૧૦૦

**પ્ર.૧ સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો.** **[૪૦]**

૧. સહજાનંદ સ્વામીને ધર્મધુરા (ગાદી) ક્યા ગામે સોંપવામાં આવી ?
(૧) જેતલપુર **(૨) જેતપુર** (૩) પિપલાણા — ૧. ૨

૨. વ્યાપકાનંદ સ્વામીએ કોનો જીવ લઈ ઘોડીને જીવતી કરી ?
(૧) માખી **(૨) મચ્છર** (૩) પતંગિયું — ૨. ૨

૩. જન્મમરણના ચક્રમાં જીવ ક્યો સર્વોત્તમ દેહ ધારણ કરે છે ?
(૧) પશુનો (૨) વૃક્ષનો **(૩) મનુષ્યનો** — ૩. ૩

૪. રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને દીક્ષા ક્યાં આપી ?
(૧) જેતલપુર (૨) લોયા **(૩) પિપલાણા** — ૪. ૩

૫. ધર્મદેવ ઘનશ્યામને નિત્ય શું શીખવતા ?
(૧) માળા **(૨) હિંદુ શાસ્ત્ર** (૩) તરણ કલા — ૫. ૨

૬. મૂળજી ભગતે ગામના વૃધ્ધોને શું કરતા જોયાં ?
**(૧) ગામના વૃધ્ધો ગામગપાટા કરતા હતા, કોઈપણ ભગવાનનું નામ લેતું ન હતું.** — ૬. ૧
(૨) સર્વે વૃધ્ધો ભગવાનનું નામ સ્મરણ કરતા હતા.
(૩) સર્વે વૃધ્ધો પોતાના પૌત્રને ભગવાનની વાતો કરતા હતા.

૭. એકાદશી કેટલી રીતે કરી શકાય છે ?
(૧) ૧ (૨) ૨ **(૩) ૩** — ૭. ૩

૮. ઘનશ્યામ નાનપણમાં ક્યાં રહેતા હતા ?
**(૧) છપૈયા** (૨) અટલાદરા (૩) જેતલપુર — ૮. ૧

૯. ડુંગળી - લસણ અને હિંદ આપણે શા માટે ન ખવાય ?
(૧) રોગનું કારણ છે. **(૨) તે ખોરાક તામસી છે.** — ૯. ૨
(૩) તે આપણને મૃત્યુ આપે છે.

૧૦. હિમરાજ શાહ ક્યા પ્રસંગ દ્વારા સૌ પ્રથમવાર સ્વામિનારાયણ સંપ્રદાયના સંપર્કમાં આવ્યા ?
(૧) ગોપાળાનંદ સ્વામીએ માંગેલ ધર્માદા દ્વારા — ૧૦. ૨
**(૨) ગોપાળાનંદ સ્વામીની નાડી તપાસતા**
(૩) ગોપાળાનંદ સ્વામીની કથાવાર્તા દ્વારા

૧૧. પુનર્જન્મ પર સંશોધન કરનાર સંશોધનકાર કોણ છે ?
(૧) આલ્બર્ટ આઈન્સ્ટાઈન **(૨) ઈઆન સ્ટીવનસન** (૩) કોપરનીક્સ — ૧૧. ૨

૧૨. પ્રમુખસ્વામી મહારાજની કેટલા વર્ષની ઉંમરે સંસ્થાના પ્રમુખપદે વરણી કરવામાં આવી ?
(૧) ૧૮ (૨) ૧૯ **(૩) ૨૮** — ૧૨. ૩

**૧૩.** ભગવાનને પંચતત્વ સહિત પૂજવા એટલે શું ?

**(૧) આરતી** (૨) પૂજા (૩) દંડવત્ **૧૩.** | ૧ |

**૧૪.** શ્રીજી મહારાજે ફૂલદોલનો ઉત્સવ કયા સ્થળે ઊજવ્યો હતો ?

**(૧) પંચાળા** (૨) સારંગપુર (૩) વડતાલ **૧૪.** | ૧ |

**૧૫.** શ્રીજી મહારાજને તેમના ભક્તોએ ચાર લક્ષણથી ઓળખ્યા છે. નીચેનું કયું લક્ષણ તેમાનું નથી ?

(૧) દિવ્ય સ્વરૂપ (૨) સર્વોપરી **(3) વિષ્ણુના અવતાર** **૧૫.** | 3 |

**૧૬.** યોગીજી મહારાજનો જન્મ ક્યાં થયો હતો ?

**(૧) ધારીમાં** (૨) મહેળાવમાં (૩) ચાણસદમાં **૧૬.** | ૧ |

**૧૭.** વર્તમાન ધરાવ્યા બાદ, ગળામાં શું ધારણ કરવામાં આવે છે ?

(૧) ફૂલહાર (૨) માળા **(3) બે સેરની કંઠી** **૧૭.** | 3 |

**૧૮.** બાળસભામાં શું ન કરવું જોઈએ ?

(૧) સભામાં ભાગ લેવો **(૨) અન્ય બાળકને હેરાન કરવા** (૩) ધ્યાન આપવું **૧૮.** | ૨ |

**૧૯.** વાઘાખાચરની સર્વે ઉપાધિ ટળી ગઈ. તેમના ભૂંડા સ્વપ્ના અને દુર્ગુણો ટળી ગયા. જ્યારે તેમને....

**(૧) નિરાવરણ સ્થિતિ થઈ** (૨) અંતરમાં શાંતિ થઈ (૩) બંને **૧૯.** | ૧ |

**૨૦.** કોણે શ્રીજી મહારાજને પૂછ્યું કે ‘મહારાજ તમે ડાબી બાજુથી જમણી તરફ શા માટે જોયું ?’

(૧) દાદાખાચરે (૨) ગુણાતીતાનંદ સ્વામીએ **(3) મુક્તાનંદ સ્વામીએ** **૨૦.** | 3 |

**૨૧.** ગાદી સોંપવાના પ્રસંગને શું કહેવામાં આવે છે ?

(૧) મંગલાચરણ (૨) પાટોત્સવ **(3) પટ્ટાભિષેક** **૨૧.** | 3 |

**૨૨.** ‘આ અમારે રહેવાનું અક્ષરધામ છે.’ આ વાક્ય શ્રીજી મહારાજે કોને ઉદ્દેશીને કહ્યું ?

(૧) ગોપાળાનંદ સ્વામી **(૨) ગુણાતીતાનંદ સ્વામી** (૩) પોતાને **૨૨.** | ૨ |

**૨૩.** પ્રગટ સત્પુરુષ શું છે ?

(૧) સદ્‌ગુરુ (૨) સંત **(3) મોક્ષનું દ્વાર** **૨૩.** | 3 |

**૨૪.** જ્યારે શ્રીજી મહારાજ શોભારામના દ્વારે આવ્યા ત્યારે શોભારામે શું કર્યું ?

(૧) માફી માંગી (૨) પસ્તાવો કર્યો **(3) કાઢી મૂક્યા** **૨૪.** | 3 |

**૨૫.** જ્યારે માતાએ ઠાકોરજીને દૂધ ધરાવ્યા વિના મૂળજીને આપવાની ના પાડી ત્યારે મૂળજીએ માતાને શું કહ્યું ?

(૧) માતા, હું પ્રતિક્ષા કરીશ. **૨૫.** | 3 |

(૨) માતા, ભગવાન દરેક જીવમાં રહ્યા છે એટલે ધરાવીએ નહીં તો ચાલે.

**(3) માતા, ભગવાન મારામાં રહ્યા છે, જ્યારે હું દૂધ પીવુ છું ત્યારે ભગવાન જ દૂધ પીવે છે.**

**૨૬.** વાઘાખાચર જુનાગઢ હતા ત્યારે ભગતજી મહારાજે તેમને શું વાત કરી ?

(૧) શ્રીજી મહારાજ સર્વોપરી છે **(૨) ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે** **૨૬.** | ૨ |

(૩) પોતે મોટા સેવક છે.

**૨૭.** કોણે સહજાનંદ સ્વામીને પોતાના ઉત્તરાધિકારી દર્શાવ્યા ?

(૧) મુક્તાનંદ સ્વામીએ (૨) બ્રહ્માનંદ સ્વામીએ **(3) રામાનંદ સ્વામીએ** **૨૭.** | 3 |

**૨૮.** પર્વતભાઈને પોતાની સમક્ષ કેટલા અવતારોના દર્શન થયા ?

(૧) ૨૨ (૨) ૨૩ **(3) ૨૪** **૨૮.** | ૧ |

**૨૯.** અક્ષરધામમાં જવાની બે પાંખો છે આજ્ઞા અને ઉપાસના. આજ્ઞા એટલે શું ?

(૧) ભક્તિનો પ્રકાર (૨) અન્યને આદેશ આપવો **(૩) મુખ્ય આધ્યાત્મિક આદેશ** **૨૯.** | 3 |

**૩૦.** આરતીની રચના કયા સ્થળે કરવામાં આવી ?

(૧) જેતપુર (૨) પિપલાણા **(૩) કાલવાણી** **૩૦.** | 3 |

**૩૧.** માનસી પૂજા કરવાથી....

(૧) ભગવાન પ્રસન્ન થાય છે (૨) આપણને આનંદનો અનુભવ થાય છે **૩૧.** | 3 |

**(૩) બંને વિકલ્પો**

**૩૨.** ફરાળ ઉપરાંત અગિયારસના દિવસે શું કરવું ?

**(૧) ભજન** (૨) ટીવી-સિનેમા જોવા (૩) એકપણ વિકલપ નહી **૩૨.** | ૧ |

**૩૩.** શિક્ષાપત્રીમાં કેટલા શ્લોક છે ?

**(૧) ૨૧૨** (૨) ૨૧૬ (૩) ૨૬૨ **૩૩.** | ૧ |

**૩૪.** વડતાલથી નીકળ્યા બાદ, શાસ્ત્રીજી મહારાજે સર્વ પ્રથમ કયું મંદિર કર્યું ?

(૧) વઢવાણનું (૨) સુરતનું **(૩) બોચાસણનું** **૩૪.** | 3 |

**૩૫.** દશરથ રાજાએ કોને તીર માર્યું ?

(૧) પંખીને **(૨) શ્રવણને** (૩) શ્રવણના માતા-પિતાને **૩૫.** | ૨ |

**૩૬.** શ્રીજી મહારાજે કેટલા મંદિરો બાંધ્યા ?

(૧) ૧ (૨) ૪ **(૩) ૬** **૩૬.** | 3 |

**૩૭.** આરતીની રચના ક્યાં કરવામાં આવી ?

(૧) જેતલપુરમાં (૨) પિપલાણામાં **(૩) કાલવાણીમાં** **૩૭.** | 3 |

**૩૮.** પુનર્જન્મ એટલે ............ (પુનર્જન્મનો અર્થ ..............)

**(૧) પુનર્જન્મ** (૨) મરણ (૩) મોક્ષ **૩૮.** | ૧ |

**૩૯.** રામપ્રતાપભાઈને ઘનશ્યામના એક સાથે કેટલા મંદિરોમાં દર્શન થયા ?

**(૧) ૩** (૨) ૬ (૩) ૨ **૩૯.** | ૧ |

**૪૦.** શ્રીજી મહારાજનું રહેવાનું ધામ કોણ છે ?

(૧) મુક્તાનંદ સ્વામી (૨) યોગીજી મહારાજ **(૩) ગુણાતીતાનંદ સ્વામી** **૪૦.** | 3 |

**૪૧.** ભગવત્‌સિંહ સ્વામીબાપાને ક્યાં મળ્યા ?

(૧) સારંગપુરમાં (૨) ભાલકાતીર્થમાં **(૩) ગઢડામાં** **૪૧.** | 3 |

**૪૨.** ઘનશ્યામના મોટાભાઈનું નામ શું હતું ?

(૧) ધર્મદેવ (૨) ઈચ્છારામ **(૩) રામપ્રતાપભાઈ** **૪૨.** | 3 |

**૪૩.** લાડુદાનજીને કયું બિરુદ મળ્યું હતું ?

(૧) મહા બાણાવળી (૨) મહાવીર **(૩) મહાકવીશ્વર** **૪૩.** | 3 |

**૪૪.** 'ગુણાતીતાનંદ મૂળ અક્ષર' એ વાતનો ઉદ્‌ઘોષ કોણે કર્યો ?

(૧) કાનોજીએ **(૨) ભગતજી મહારાજે** (૩) વાઘા ખાચરે **૪૪.** | ૨ |

**૪૫.** મુક્તાનંદ સ્વામીએ આરતી ક્યારે બનાવી હતી ?

(૧) કારતક સુદ-૧૧ (૨) કારતક વદ-૧૧ **(૩) કારતક સુદ-૧૦** **૪૫.** | 3 |

**૪૬.** કોને સેવક વિના ફાવ્યું નહિ ?

**(૧) વાઘાખાચરને** (૨) દામા શેઠને (૩) બંને વિકલ્પ **૪૬.** | ૧ |

**૪૭.** શિક્ષાપત્રીમાં કુલ કેટલા શ્લોકો છે ?

**(૧) ૨૧૨** (૨) ૨૧૬ (૩) ૨૬૨ **૪૭.** | ૧ |

**૪૮.** જોબનપગીને કેટલા સ્વરૂપે શ્રીજી મહારાજ દેખાયા ?

(૧) ૫૦૦ (૨) ૧૦૮ **(3) અનેક** **૪૮.** | 3 |

**૪૯.** હિમરાજ શાહના કારજમાં આવવા કોણે ના પાડી ?

(૧) પુત્રીએ (૨) શ્રીજી મહારાજે **(3) જ્ઞાતિજનોએ** **૪૯.** | 3 |

**૫૦.** ઘનશ્યામ કેટલા વર્ષની ઉંમરે તમામ શાસ્ત્રોમાં પારંગત થઈ ગયા હતા ?

**(૧) ૭** (૨) ૯ (૩) ૧૧ **૫૦.** | ૧ |

**પ્ર.૨ નીચેના વાક્યો ખરાં (✓) છે કે ખોટાં (✗)તેની નિશાની સામેના ખાનામાં કરો.** **[૨૦]**

**૧.** વેદોમાં આત્મા - પરમાત્માનું જ્ઞાન હોતું નથી. **૧.** | ✗ |

**૨.** ગુણાતીતાનંદ સ્વામી બાળમંડળના વિકાસની ઈચ્છા રાખતા હતા. **૨.** | ✗ |

**૩.** લાડુદાનજીની એક ઈચ્છા એ હતી કે શ્રીમદ્ ભાગવત કાળા કપડામાં વીંટેલું હોય. **૩.** | ✓ |

**૪.** બી.એ.પી.એસ. સંસ્થાની દેશ-વિદેશની પ્રવૃત્તિઓ, શાળા-છાત્રાલયોના બાંધકામ - સારસંભાળ તેમજ સંચાલન અને શિષ્યવૃત્તિ દ્વારા શૈક્ષણિક સેવા કરવામાં આવે છે. **૪.** | ✓ |

**૫.** ૧૨ ફેબ્રુઆરી, ૧૮૨૬ ના દિવસે શિક્ષાપત્રીનું લેખનકાર્ય પૂર્ણ થયું હતું. **૫.** | ✓ |

**૬.** ગોપાળાનંદ સ્વામી કહે છે કે સમગ્ર બ્રહ્માંડમાં શ્રીજી મહારાજની ઈચ્છા વિના સૂકુ પાંદડુ હલવા સમર્થ છે. **૬.** | ✗ |

**૭.** જો આપણે ભગવાનને દાન કરીએ તો આપણા પૈસા અપવિત્ર થાય છે. **૭.** | ✗ |

**૮.** શ્રીજી મહારાજ મધરાત્રે તેમના સ્વપ્નમાંથી જાગ્યા અને મુક્તાનંદ સ્વામીને તે સ્વપ્નની જાણ કરી. **૮.** | ✓ |

**૯.** યોગીજી મહારાજને વિનુભાઈએ રોક્યા ત્યાં સુધીમાં યોગીજી મહારાજે ઘનશ્યામ ભગતને 3 દંડવત્ કરી દીધા હતા. **૯.** | ✓ |

**૧૦.** ગુણાતીતાનંદ સ્વામી જે અક્ષરબ્રહ્મ અથવા બ્રહ્મ છે. તેમનો જન્મ ૧૭ ઓક્ટોબર, ૧૭૮૫ (વિક્રમ સંવત ૧૮૪૧, આસો સુદ પુનમ) અમદાવાદ, જામનગર જીલ્લામાં થયો હતો. **૧૦.** | ✗ |

**૧૧.** અહિંસા એ હિંદુ ધર્મના ઘણા બધા સિધ્ધાંતોમાંનો એક સિધ્ધાંથ છે. **૧૧.** | ✓ |

**૧૨.** અભેસિંહે મહારાજને પોતાનું માથું કાપવા માટે તલવાર આપી. **૧૨.** | ✗ |

**૧૩.** શાસ્ત્રીજી મહારાજે પ્રમુખસ્વામી મહારાજને સાધુ તરીકેની દીક્ષા આપી. **૧૩.** | ✓ |

**૧૪.** દયાનંદ સ્વામીએ મરેલી ઘોડી જીવતી કરી. **૧૪.** | ✗ |

**૧૫.** ગૃહત્યાગ કર્યા બાદ ઘનશ્યામ સહજાનંદ સ્વામી તરીકે ઓળખાયા. **૧૫.** ✗

**૧૬.** સારંગપુર મંદિર શાસ્ત્રીજી મહારાજ દ્વારા નિર્માણ થયું હતું. **૧૬.** ✓

**૧૭.** ભગતજી મહારાજ શાસ્ત્રીજી મહારાજના ગુરુ બન્યા કારણકે ભગતજી મહારાજે શાસ્ત્રીજી મહારાજને સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમની ઉપાસના સમજાવી. **૧૭.** ✓

**૧૮.** શ્રીજી મહારાજે ક્યારેય પણ અનંત બ્રહ્માંડના જીવોની મુક્તિ માટે એક સાથે મનુષ્ય દેહ ધાર્યો નથી. **૧૮.** ✗

**૧૯.** કુસંગરૂપી ઝેર પોતાની અસર તરત જ દર્શાવે છે. **૧૯.** ✓

**૨૦.** પૂજામાં આપણે દક્ષિણ દિશા તરફ મુખ રાખીને બેસીએ છીએ. **૨૦.** ✗

**પ્ર.3 નીચે આપેલા પ્રશ્નોના ૧ કે ૨ વાક્યમાં જવાબ લખો. [૨૦]**

**૧.** સત્સંગીનાં પાયાનાં પાંચ વર્તમાન કયા છે ?

**જ.** **દારૂ ન પીવો, માંસાહાર ન કરવો, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો, વટલવું - વટલાવવું નહીં, અયોગ્ય આહાર-વિહાર ન કરવો.**

**૨.** ઘનશ્યામ માછીમાર પર શા માટે ગુસ્સે થયા ?

**જ.** **મીન સરોવર માંથી માછલીઓ પકડતા માછીમારને જોઈને ઘનશ્યામ મહારાજ ગુસ્સે થયા.**

**૩.** જયનાદ ક્રમમાં લખો.

**જ.** **શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય, અક્ષરપુરુષોત્તમ મહારાજની જય,**
**ગુણાતીતાનંદ સ્વામી મહારાજની જય, ભગતજી મહારાજની જય,**
**શાસ્ત્રીજી મહારાજની જય, યોગીજી મહારાજની જય,**
**પ્રમુખસ્વામી મહારાજની જય, મહંતસ્વામી મહારાજની જય.**

**૪.** ‘સ્વામીબાપાની ઓળખાણ’ પાઠના સિધ્ધાંત પ્રમાણએ : એક પ્રસંગ દ્વારા સ્વામીબાપાએ પોતાની ઓળખાણ કઈ રીતે આપી ?

**જ.** **સ્વામીબાપાએ ઓળખાણ આપતા કહ્યું બ્રહ્મ, અક્ષર, મહારાજને રહેવાનું ધામ, મોક્ષનું દ્વાર અને મહારાજનો દાસ છું.**

**૫.** સહજાનંદ સ્વામીએ પહેલું વરદાન ક્યું માંગ્યું ?

**જ.** **જો કોઈ ભક્તને એક વીંછી કરડવાનું દુઃખ થવાનું હોય, તો એ દુઃખ એને ન થતાં, મને રૂંવાડે રૂંવાડે કરોડ વીંછી જેટલું થાય.**

**પ્ર.૪ મુખપાઠ પંક્તિ પૂર્ણ કરો.** **[૧૦]**

**૧.** ૐ સહનાવવતુ .............................. શાંતિઃ શાંતિઃ

**જ. ૐ સહનાવવતુ, સહ નૌ ભુનક્તુ, સહ વીર્યં કરવાવહૈ ।**
**તેજસ્વિ નાવધીતમસ્તુ, મા વિદ્વિષાવહૈ ॥**
**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**

**૨.** સેવા તો પોતાની ....................... અવગુણ લેવો.

**જ. સેવા તો પોતાની શ્રધ્ધા પ્રમાણે થાય તે કરવી, પણ અસેવા તો ન જ કરવી. તે અસેવા તે શું ? જે અવગુણ લેવો.**

**૩.** સત્ય, હિત ને પ્રિય ....................... વચન કહેવું નહીં.

**જ. સત્ય, હિત ને પ્રિય એવું વચન બોલવું, ને ઉપેક્ષારહિત બોલવું, પણ આગ્રહથી વચન કહેવું નહીં.**

**૪.** નારાયણ સુખદાતા....................... કોટિ ગયા કાશી.

**જ. નારાયણ સુખદાતા, દ્વિજકુળ તનુ ધારી (૨)**
**પામર પતિત ઉધ્ધાર્યા (૨) અગણિત નરનારી... જય.**
**નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવિનાશી (૨)**
**અડસઠ તીરથ ચરણે (૨) કોટિ ગયા કાશી... જય.**

**૫.** રોજ સવારે પૂજામાં કરવાની પ્રાર્થના.

**જ. હે મહારાજ, હે સ્વામી ! હે મહંતસ્વામી મહારાજ ! હું હંમેશાં આપની આજ્ઞા પાળું, ખરાબ કાર્ય ન કરું, આપને રાજી કરી શકું તેવાં બળ-બુધ્ધિ આપજો. કુસંગ થકી રક્ષા કરજો અને સારાનો સંગ આપજો. માતા-પિતાની સેવા કરું અને અભ્યાસ બરાબર કરું અને આપનો આદર્શ ભક્ત બનું એવી શક્તિ આપજો.**

**પ્ર.૫ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં)** **[૧૦]**

**૧.** ગુણાતીતમાં પ્રગટ **(પાઠ નં. ૧૨)**

**૨.** સ્વામિબાપાની ઓળખાણ **(પાઠ નં. ૧૯)**

**૩.** બે અજોડ વરદાન **(પાઠ નં. ૬)**

**(જવાબ માટે યોગ્ય પ્રકરણોનો સંદર્ભ લો.)**